# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-01-2025** **Evening: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

### આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, લોકોની મહત્વાકાંક્ષાઓને કારણે ભારતનાં ઓટોમોબાઇલ ક્ષેત્રમાં અભૂતપુર્વ પરિવર્તન આવ્યું છે
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં વર્ષ 2024નાં રાષ્ટ્રીય રમતગમત પુરસ્કાર એનાયત કર્યા
3) વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, યુક્રેન સાથેનાં યુધ્ધમાં રશિયન લશ્કરમાં સેવા બજાવી રહેલા 12 ભારતીય નાગરિકોએ જીવ ગુમાવ્યા છે
4) આગામી બે દિવસ ઉત્તર ભારતનાં રાજ્યોમાં ગાઢથી અતિ ગાઢ ધુમ્મસ રહેવાની હવામાન વિભાગની આગાહી
5) કેનેડામાં ભારતીય મૂળના સાંસદ ચંદ્રા આર્યાએ પ્રધાનમંત્રીની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભર્યું

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## PM MOBILITY EXPO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, દેશનાં લોકોની મહત્વાકાંક્ષાઓને કારણે ભારતનાં ઓટોમોબાઇલ ક્ષેત્રમાં અભૂતપુર્વ પરિવર્તન આવ્યું છે.

આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે છ દિવસનાં ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો-2025નું ઉદઘાટન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે ભારત તેની નવી રાષ્ટ્રીય લોજિસ્ટિક પોલિસીને કારણે વિશ્વનું સૌથી સ્પર્ધાત્મક લોજિસ્ટિક રાષ્ટ્ર બનવા તરફ જઈ રહ્યું છે.

(PM Byte Auto Industry)

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભારત ગ્રીન ટેકનોલોજી, ઇલેક્ટ્રિક વ્હિકલ, હાઇડ્રોજન ઇંધણ અને જૈવિક ઇંધણ પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે. તેમણે જણાવ્યું કે, મોબાલિટી સેક્ટરમાં પોતાનું ભાવિ ઘડવા માટે દરેક રોકાણકાર માટે ભારત અભૂતપુર્વ સ્થળ બન્યું છે. તેમણે જણાવ્યું કે, છેલ્લાં દાયકામાં ઇલેક્ટ્રિક વ્હિકલનું વેચાણ 640 ગણું વધ્યું છે.

## PM - SVAMITVA SCHEME

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતી કાલે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં 50 હજારથી વધુ ગામડાંઓમાં સ્વામિત્વ યોજના હેઠળ 65 લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરશે.

આ યોજનાનો હેતુ ડ્રોન ટેકનોલોજી સર્વેક્ષણ દ્વારા ઘરોનાં અધિકારનો રેકોર્ડ પૂરો પાડીને ગ્રામીણ ભારતનાં આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. આ

યોજના જમીન વેચાણમાં પણ સુવિધા પૂરી પાડે છે. આ યોજના ગ્રામીણ વિસ્તારોમાં સંપત્તિ અંગેનાં વિવાદ ઘટાડે છે, બેન્ક લોન દ્વારા સંસ્થાકીય ધિરાણ સરળ બનાવે છે અને મિલકતોનું મૂલ્યાંકન અને મિલકત વેરા વસૂલાત પ્રકીયા વધુ સારી રીતે કરે છે.

અત્યાર સુધી ત્રણ લાખ 17 હજાર ગામડાંમાં ડ્રોન સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે અને લક્ષ્યાંકિત વિસ્તારોમાંથી 92 ટકાને આવરી લેવામાં આવ્યા છે.

## PRESIDENT KHEL AWARDS

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં વર્ષ 2024ના રાષ્ટ્રીય રમતગમત પુરસ્કાર એનાયત કર્યા હતા. વિશ્વ ચેસ વિજેતા ડી. ગુકેશ, પેરિસ ઑલિમ્પિક્સમાં 2 ચંદ્રક જીતનારાં મનુ ભાકર, પુરુષ હૉકી ટીમના સુકાની હરમનપ્રીત સિંહ અને પેરિસ ઑલિમ્પિક્સમાં સુવર્ણ ચંદ્રક જીતનારા પ્રવિણ કુમારને પ્રતિષ્ઠિત મૅજર ધ્યાનચંદ ખેલરત્ન પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.**

**આ પુરસ્કાર છેલ્લા ચાર વર્ષમાં ખેલાડીઓના ભવ્ય અને સર્વોચ્ચ નોંધપાત્ર રમતગમત પ્રદર્શન માટે આપવામાં આવ્યા હતા. પૅરા-શૂટિંગ કૉચ સુભાષ રાણા, શૂટિંગ કૉચ દિપાલી દેશપાંડે, હૉકી કૉચ સંદીપ સાંગવાન, બૅડમિન્ટન કૉચ એસ. મુરલીધરન અને ફૂટબૉલ કૉચ અરમાન્ડો એગ્નેલો કોલાકોને દ્રોણાચાર્ય પુરસ્કાર એનાયત કરાયા હતા. જ્યારે 32 ખેલાડીઓને અર્જૂન પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.**

# MAHAKUMBH REVIEW

મૌની અમાસના દિવસે આઠ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ અને યાત્રાળુઓ ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કરશે. સરકારે 29મી જાન્યુઆરીએ પ્રયાગરાજમાં યોજાનારા મૌની અમાસના અમૃત સ્નાન માટે તૈયારીઓ પૂર્ણ કરી રહી છે.

મુખ્ય સચિવ મનોજ કુમાર સિંહ અને DGP પ્રશાંત કુમારે ગઈકાલે મહાકુંભ વિસ્તારની મુલાકાત લીધી હતી અને ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે, ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી.

પ્રસ્તુત છે અમારા પ્રતિનિધિનો અહેવાલ ..

(BYTE : ANAND)

# INDIANS IN RUSSIA

રશિયન લશ્કરમાં સેવા બજાવી રહેલા 12 ભારતીય નાગરિકોએ યુક્રેન સાથેનાં યુધ્ધમાં જીવ ગુમાવ્યા છે અને હજુ 16 નાગરિકો ગુમ છે. આજે નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, કેરળનાં બિનિલ બાબુનું મૃત્યુ કમનસીબ છે. તેમણે જણાવ્યું કે, ઇજાગ્રસ્ત અન્ય ભારતીય નાગરિક હાલ મોસ્કોની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

તેમણે જણાવ્યું કે, રશિયન લશ્કરમાં સેવા બજાવી રહેલા 96 ભારતીય નાગરિકો સ્વદેશ પરત ફર્યા છે.

## SHAH MP LAWS

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે મધ્યપ્રદેશમાં ત્રણ નવા ગુના કાયદાના અમલીકરણની પ્રશંસા કરી હતી. શ્રી શાહે આજે નવી દિલ્હીમાં મુખ્યમંત્રી મોહન યાદવનાં વડપણ હેઠળનાં પ્રતિનિધિમંડળ સાથે બેઠક કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર . આપ અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ . સમાચાર માટેઅમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

## RAJNATH SINH

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે સંરક્ષણ અને સુરક્ષા વાતાવરણમાં વધતા તણાવને ધ્યાનમાં રાખીને દેશના આક્રમક અને રક્ષણાત્મક પ્રતિભાવોને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

તેમણે કહ્યું કે, દેશના સંરક્ષણ દળોનું કાર્ય સમય જતાં વધુ જટિલ બની રહ્યું છે. તેઓ આજે નવી દિલ્હીમાં, નૌકાદળના કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે દેશભક્તિ અને શિસ્તની ભાવના સૈનિકોને દેશ પ્રત્યેની તેમની જવાબદારી નિભાવવામાં મદદ કરે છે. તેમણે કહ્યું કે, દેશની આર્થિક સમૃદ્ધિ દરિયાઈ સુરક્ષા સાથે જોડાયેલી છે અને તેનું રક્ષણ કરવું જરૂરી છે. સાયબર

સુરક્ષાને દરિયાઈ સુરક્ષા સાથે સંબંધિત એક મહત્વપૂર્ણ પાસું ગણાવતા, શ્રી સિંહે કહ્યું કે, આજે સાયબર હુમલાઓને અવગણવું એ ઘાતક સાબિત થઈ શકે છે.

## RINL -VAISHNAV

રાષ્ટ્રીય ઇસ્પાત નિગમ લિમિટેડ (RINL) ફરી શરૂ કરવા આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ, CCEA એ 11 હજાર 440 કરોડ રૂપિયાના પેકેજને મંજૂરી આપી છે.

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીમાં મીડિયાને જણાવ્યું હતું કે, ગઈકાલની કેબિનેટ બેઠકમાં આ માટેના પેકેજને મંજૂરી આપવામાં આવી હતી. તેમણે કહ્યું કે, આંધ્રપ્રદેશની RINL દેશના સ્ટીલ ક્ષેત્રની એક મહત્વપૂર્ણ કંપની છે. શ્રી વૈષ્ણવે કહ્યું કે, આ પેકેજની મદદથી, RINL ના તમામ કર્મચારીઓ તેમજ આર્થિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા તમામ લોકોને ખૂબ ફાયદો થશે.

## WEATHER

હવામાન વિભાગે આગામી બે દિવસ સુધી પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, દિલ્હી-એનસીઆર અને રાજસ્થાનમાં ગાઢથી અતિ ગાઢ ધુમ્મસ રહેવાની આગાહી કરી છે. હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પેટા-હિમાલય પશ્ચિમ બંગાળ, ઓડિશા, મધ્યપ્રદેશમાં પણ આ જ સ્થિતિ રહેશે.

આકાશવાણી સાથેની મુલાકાતમાં હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડોક્ટર સોમા સેન રોયે જણાવ્યું કે, પશ્ચિમી વિક્ષોભને કારણે આવતી કાલે ઉત્તર પશ્ચિમ ભારતમાં હવામાન પર અસર થવાની સંભાવના છે.

દરમિયાન, જમ્મુ કાશ્મીર અને લદ્દાખમાં અનેક સ્થળોએ શીતલહેર યથાવત રહેતાં લઘુતમ તાપમાન માઇનસમાં જતુ રહ્યું છે. સૌથી ઓછું તાપમાન લદ્દાખના દ્રાસમાં માઇનસ 23 ડિગ્રી નોંધાયું હતું. પર્યટક સ્થળ ગાંદરબલમાં માઇનસ 12.8 અને લેહમાં માઇનસ 13 ડિગ્રી સેલ્સિયલ તાપમાન રહ્યું હતું.

## CANADA CHANDRA ARYA

કેનેડામાં નેપિયન મત વિસ્તારના ભારતીય મૂળના સાંસદ ચંદ્રા આર્યાએ પ્રધાનમંત્રીની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભર્યું છે. કર્ણાટકના ટુમકુર જિલ્લાના વતની આર્યા ધારવાડથી એમબીએ થયા છે. તેમણે આ સપ્તાહના પ્રારંભમાં કેનેડાના પ્રધાનમંત્રીની સ્પર્ધામાં હોવાની જાહેરાત કરી હતી.

તાજેતરમાં કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટીન ટ્રુડોએ પદ છોડવાની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, નવા નેતાની પસંદગી ન થાય ત્યાં સુધી તેઓ પ્રધાનમંત્રી તરીકે કાર્યરત રહેશે.

## PUNE-NASHIK HIGHWAY ACCIDENT

પૂણે-નાશિક હાઇવે પર નારાયણગાંવ પાસે ટેમ્પો, મિનિ વેન અને બસ વચ્ચેનાં માર્ગ અકસ્માતમાં નવ વ્યક્તિનાં મૃત્યુ થયા છે. નારાયણગાંવ તરફ જઈ રહેલી મિનિ વેનને પાછળથી આવી રહેલા ટેમ્પોએ ટક્કર મારતાં આગળ ઊભેલી ખાલી બસ સાથે અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો એમ પૂણે ગ્રામીણના પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ પંકજ દેશમુખે જણાવ્યું છે

# CABLE TELEVISON RULES

માહિતી અને પ્રસારણ મંત્રાલયે આજે સ્થાનિક કેબલ ઓપરેટરની નોંધણી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે કેબલ ટેલિવિઝન નેટવર્ક નિયમો, 1994માં સુધારો કરીને એક સૂચના બહાર પાડી છે. જે અંતર્ગત લોકલ કેબલ ઓપરેટર્સની નોંધણી આજથી સંપૂર્ણપણે ઓનલાઈન કરવામાં આવશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે અરજદારની વિગતોની સફળ ચકાસણી બાદ એ જ સમયે નોંધણી પ્રમાણપત્રો આપવામાં આવશે. સ્થાનિક કેબલ ઓપરેટર એટલે કે LCO નોંધણીની માન્યતા પણ સમગ્ર દેશમાં પાંચ વર્ષના સમયગાળા સુધી વધી છે. અગાઉ, સ્થાનિક કેબલ ઓપરેટરની નોંધણી પ્રક્રિયા સ્થાનિક મુખ્ય ટપાલ કચેરીમાં ઑફલાઇન હાથ ધરવામાં આવતી હતી. સુધારેલા નિયમો હેઠળ, નોંધણી અથવા નવીકરણ માટે પ્રક્રિયા ફી પાંચ હજાર રૂપિયા કરાઇ છે. નોંધણીના નવીકરણ માટેની અરજી નોંધણીની સમાપ્તિના ઓછામાં ઓછા 90 દિવસ પહેલા કરવામાં આવશે

# DELHI NOMINATIONS

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારી નોંધવાની પ્રક્રિયા આજે પૂરી થઈ ગઈ છે. એક હજારથી વધુ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે. આજે છેલ્લા દિવસે, ભાજપના શિખા રાય અને નીરજ બસોયાએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી છે. આમ આદમી પાર્ટીના અવધ ઓઝા, રાખી બિડલન અને બંદના કુમારી સહિત અન્યોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. સોમવારે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની અંતિમ તારીખ છે.